# RAJKOT MUNICIPAL CORPORATION

**Bid Document for Providing man power for Housekeeping services at Auditoriums & Community Halls of Rajkot Municipal Corporation**

| The last dates of e-Tender are as under : | | |
|---|---|---|
| 1. | Download of e-tender documents | From Dt.01/03/2025, 16.00 hrs. |
| 2. | Pre-Bid Meeting O/o Assistant Commissioner, First Floor, Central Zone Office, Dr. Ambedkar Bhavan, Dhebar Bhai Road, | On Dt.12/03/2025 at 12:00 hrs. |
| 3. | Last date of downloading tender | Dt. 21/03/2025 Up to 17:00 hrs. |
| 4. | Online submission of e-tender | Dt.21/03/2025 Up to 18:00 hrs. |
| 5. | Physical submission of EMD, tender fee and other documents. | Dt. 28/03/2025 Up to 18:00 hrs. |
| 6. | Opening of technical bid and Verification of submitted documents (EMD, e-tender fee, Etc.) | Dt. 29/03/2025 At 11:30 hrs |
| 7. | Opening of price bid for the technically qualified bidders only | Dt. 03/04/2025 At 12:00 hrs. (if possible) |
| For further particulars, visit us on www.nprocure.com | | |

ESTATE BRANCH
RAJKOT MUNICIPAL CORPORATION
SHRE AMBEDKAR BHAWAN
DHEBAR ROAD
BUS STATION ROAD
RAJKOT – 360 001(GUJAR

RAJKOT MUNICIPAL CORPORATION
Estate Department

FORM – I

| | |
|---|---|
| Full Name of the Tenderer | |
| Office Address of the Tenderer | |
| Phone No. | |
| Mobile No. | |
| Residential Address of the Tenderer | |
| Bank Details of the Tenderer : | |
| Name of the Bank | |
| Branch | |
| Account No. | |
| Type of A/c (Current / Saving) | |
| PAN Card Number : | |
| GST NO | |
| PF CODE : | |
| ESIC Code | |
| Sign & Stamp of the Tenderer | |

# <u>બાંહેધરી</u>

**<u>(રૂા. ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝડ)</u>**

આ બાહેંધરી અમો રાજકોટ મહાનગરપાલિકાના શ્રી કમિશનર સાહેબને જોગ લખી આપનાર શ્રી...........................................................રહે,................................................................................................

આથી સમજી, વિચારી, શુધ્ધ, બુધ્ધીપુર્વક રાજકોટ મહાનગરપાલિકાની સંપુર્ણ તરફેણમાં સોગંદનામું (બાહેંધરી) કરી આપીએ છીએ, જે અમોને અને અમારા વંશ વારસોને સંપુર્ણ રીતે બંધનકર્તા રહેશે.

હું/અમોની એજન્સી રાજકોટ મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા શહેરમાં આવેલ રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના કોમ્યુનિટી હોલ તથા ઓડિટોરિયમની હાઉસ કીપીંગની કામગીરીના દ્વિ-વાર્ષિક કોન્ટ્રાકટના કામે અમો ઇ-ટેન્ડરની તમામ શરતોને આધીન કામગીરી કરવા સહમત છીએ, તેમજ અમારી જાણમાં છે કે, અમો લેબરના કાયદા મુજબ તથા વખતો વખતના  સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવતા મીનીમમ વેજીસ મુજબ કામદારને પગાર ચુકવવા તથા પી.એફ. ના કાયદા મુજબ માલિકનો ફાળો, ઇ.એસ.આઇ.સી., બોનસ તથા સરકારશ્રી દ્વારા વખતો વખત જે કોઇપણ ટેકસ, કે ભરણું ભરવા પાત્ર થશે, તે કોઇપણ લેણું ભરવાની સઘળી જવાબદારી અમારી તથા અમારા વંશ વારસોની રહેશે. સદરહું કામે ભવિષ્યમાં કોઇ આર્થિક બાબતે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થશે, તેની પણ સઘળી જવાબદારી અમારી તથા અમારા વંશ વારસોની રહેશે તથા સંપુર્ણપણે બંધનકર્તા રહેશે. સરકારશ્રી દ્વારા ભવિષ્યમાં એસક્રો એકાઉન્ટ જેવી બાબત અમલમાં મુકશે જેની અમો દ્વારા નિઃસંકોચ પાલન કરવામાં આવશે. જેથી અમો ઉપરોકત કામે ભરેલ ભાવ બાબતે સ્પષ્ટ છીએ, અને લેબર, પી.એફ., ઇ.એસ.આઇ.સી., બોનસ કાયદાનું અમો દ્વારા સંપૂર્ણ પાલન કરવામાં આવશે, જે બાબતને ધ્યાને લઇ અમો દ્વારા આ લેખિતમાં સોગંદનામું (બાહેંધરી) કરી આપીએ છીએ, સદરહું કામગીરી વિના વિવાદ, ટેન્ડરની તમામ શરતોને આધીન રહી કરવા આથી અમો લેખિતમાં ખાત્રી આપીએ છીએ.

ટેન્ડર મંજુર થયેથી રાષ્ટ્રીયકૃત બેંકના ડી ના સ્વરૂપમાં સિકયોરીટી ડીપોઝીટ.ડી.(SECURITY DEPOSIT) પેટે ચૂકવવા જરૂરી સરકારશ્રીના ધારા ધોરણ મુજબની સ્ટેમ્પ ડયુટી ભરી કરાર કરવા હું.અમોએ બાંહેધરી આપીએ છીએ/ અમો ટેન્ડરર/અમોની એજન્સી રાજકોટ મહાનગરપાલિકા,સરકારી, અર્ધ સરકારી કે કંપનીઓ દ્વારા બ્લેક લીસ્ટેડ થયેલ નથી તેની પણ હું/અમો બાંહેધરી આપીએ છીએ.

આ બાહેંધરી રાજકોટ મહાનગરપાલિકાની તરફેણમાં સમજી, વિચારી, શુધ્ધ બુધ્ધીપુર્વક, બિનકેફે કરેલ છે, તથા શાખ પુરાવી સહી કરી આપેલ છે.

તા.   /   /૨૦૨૪

**એજન્સીના સહી**

..............................................

રાજકોટ

**સીક્કો**............................................

**સાક્ષી - (૧)**
**સહી** ...........................................
**નામ**...........................................

**સાક્ષી - (૨)**
**સહી** .............................................
**નામ**.............................................

**કામની સામાન્ય શરતો:**

1. કોન્ટ્રાક્ટરે નીચેની વિગતે પાર્ટ ટાઈમ કામદારો મારફત એસ્ટેટ વિભાગ હસ્તકના સામેલ લીસ્ટ મુજબના કોમ્યુનીટી હોલ અને ઓડીટોરીયમની નીચે દર્શાવ્યા મુજબની હાઉસકીપીંગની કામગીરી માટેના પ્રતિ પાર્ટટાઈમ કામદાર પ્રતિ દિવસ લેખે ભાવ આપવાના રહેશે.
2. રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના વિવિધ કોમ્યુનીટી હોલ તથા ઓડીટોરીયમ માટે <u>કુલ ૮૪ પાર્ટ ટાઇમ કામદારો</u> પુરા પાડવાના રહેશે.
3. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જો વધારે કામદારો પુરા પડવાનું સુચવવામાં આવે તો તે મુજબ કામદારો પુરા પાડવાના રહેશે. તેમજ જરૂર જણાયે રાજકોટ મહાનગરપાલિકા ઉપરોકત કર્મચારીઓની સંખ્યા ઘટાડી શકશે.
4. તેમજ ભવિષ્યમાં કોન્ટ્રાકટના સમય દરમિયાન નવા કોમ્યુનિટી હોલ નિર્મિત થાય તો તે માટે મંજુર થયેલ દરોએ સુચવ્યા મુજબ વધારાના કામદારો પુરા પાડવાના રહેશે.
5. કોમ્યુનીટી હોલ માટે સફાઇ કામદાર દ્વારા સફાઇની કામગીરી સવારના ૦૭:૦૦ થી ૧૧:૦૦ તથા સાંજે ૦૪:૦૦ થી ૦૮:૦૦ મુજબના સમયગાળા અનુસાર કરવાની રહેશે
6. ઓડીટોરીયમ માટે સવારે ૭:૦૦ થી ૧૦:૦૦ તથા બપોરે ૧૩:૦૦ થી ૧૬:૦૦ તથા સાંજે ૧૭:૦૦ થી ૧૯:૦૦ મુજબના સમયગાળા અનુસાર કરવાની રહેશે.

**<u>ઓડીટોરીયમ ખાતે મેનપાવર દ્વારા સફાઇની કામગીરી નીચે દર્શાવ્યા મુજબની વિગત કરવાની રહેશે.</u>**

<u>દૈનિક :</u>

a) એન્ટ્રન્સ એરીયા, લોબી, પેસેજ, સીડીઓ, વોટર કુલર પાસેનો એરીયા, બેસીન એરીયા, પ્રીમાઇસીસ ઓપન ગ્રાઉન્ડ, ગ્રાઉન્ડ ફ્લોર પાર્કિંગ એરીયાની દિવસમાં બે વાર સંપૂર્ણ સફાઈ કરવાની રહેશે.

b) ઓડીટોરીયમ તથા કોન્ફરન્સ હોલની અંદરના ભાગે સ્ટેજ, ગ્રીન રૂમ, વી.આઈ.પી. રૂમ, લોબીઓ, સીટીંગ એરીયા, વિગેરેની દિવસમાં ત્રણ વાર સંપૂર્ણ સફાઈ કરવાની રહેશે.

c) ઓડીટોરીયમમાં આવેલ તમામ ટોઈલોટ બ્લોકની સંપૂર્ણ સફાઈ એસીડ, ફીનાઈલ કે અન્ય જરૂરી ક્લીનીંગ મટીરીયલનો ઉપયોગ કરી સરફેસને નુકશાન ન થાય તે રીતે ત્રણ વખત કરવાની રહેશે.

d) તમામ ડસ્ટબીન દિવસમાં બે વાર ખાલી કરી સફાઈ કરવાની રહેશે. દરરોજ એકઠા થયેલ કચરાનો ટીપરવાનમાં કે સુચવ્યા મુજબ નિકાલ કરવાનો રહેશે.

<u>અઠવાડીક:</u>

a) ઓડીટોરીયમની કાર્પેટ તથા ખુરશીઓની વેક્યુમ ક્લીનીંગ મશીનથી સફાઈ (અઠવાડીયામાં બે વખત)

b) ઓડીટોરીયમની વોલ પેનલો, સ્ટેજ પર આવેલ પેનલો, વોલ પેનલીંગ, પડદાઓ વિગેરેની વેક્યુમ ક્લીનીંગ મશીનથી સફાઈ

c) હોલની સઘન સફાઈ, બાવા-ઝારા ઝાપટવા, જરૂર જણાય ત્યાં વેક્યુમ મશીનથી સફાઈ

d) એ.સી., વોટર કુલર, આર.ઓ., ડી.વી.આર. બોક્સ વિગેરે

e) ઈલે. રૂમ, જનરેટર રૂમ, પેનલરૂમ, સિક્યુરીટી રૂમ વિ.ની સફાઈ

f) બારી-બારણાઓ, તમામ ગ્રીલ, ઓફિસ ટેબલ, ફર્નિચર, સીડી રેલીંગ, સીડી રૂમ, સ્ટોર રૂમ, ગાર્ડન તથા અન્ય તમામ રૂમની દિવસમાં એક વાર સફાઈ કરવાની રહેશે.

પખવાડીક:

**a)** ટ્યુબલાઈટ, પંખાઓ, અન્ય ફિક્ષરર્સ, પાણીના તમામ ટાંકાઓ, બિલ્ડીંગની અગાસીની સફાઈ

**b)** સંચાલકશ્રી સુચવે તે મુજબની અન્ય સફાઈ

7. **કોમ્યુનીટી હોલ ખાતે મેનપાવર દ્વારા સફાઇની કામગીરી નીચે દર્શાવ્યા મુજબની વિગત કરવાની રહેશે.**

દૈનિક :

**a)** એન્ટ્રન્સ એરીયા, લોબી, પેસેજ, સીડીઓ, વોટર કુલર પાસેનો એરીયા, બેસીન એરીયા, ગ્રાઉન્ડ, ગ્રાઉન્ડ ફ્લોર પાર્કિંગ એરીયાની દિવસમાં બે વાર સંપૂર્ણ સફાઈ કરવાની રહેશે તથા વાળવાનું અને ફીનાઇલ સાથેના પોતા મારવાના રહેશે.

**b)** કોમ્યુનીટી હોલની અંદરના ભાગે સ્ટેજ, રૂમ, લોબીઓ વિગેરેની દિવસમાં બે વાર સંપૂર્ણ સફાઈ કરવાની રહેશે.

**c)** કોમ્યુનીટી હોલમાં આવેલ તમામ ટોઈલોટ બ્લોકની સંપૂર્ણ સફાઈ એસીડ, ફીનાઈલ કે અન્ય જરૂરી ક્લીનીંગ મટીરીયલનો ઉપયોગ કરી સરફેસને નુકશાન ન થાય તે રીતે કરવાની રહેશે.

**d)** તમામ ડસ્ટબીન દિવસમાં બે વાર ખાલી કરી બે વખત સફાઈ કરવાની રહેશે. દરરોજ એકઠા થયેલ કચરાનો ટીપરવાનમાં કે સુચવ્યા મુજબ નિકાલ કરવાનો રહેશે.

અઠવાડીક:

**a)** એ.સી., વોટર કુલર, આર.ઓ., ડી.વી.આર. બોક્સ વિગેરે

**b)** હોલની સઘન સફાઈ, બાવા-ઝારા ઝાપટવા, જરૂર જણાંય ત્યાં વેક્યુમ મશીનથી સફાઈ

**c)** બારી-બારણાઓ, તમામ ગ્રીલ, ઓફિસ ટેબલ, ફર્નિચર, સીડી રેલીંગ, સીડી રૂમ, સ્ટોર રૂમ તથા અન્ય તમામ રૂમની દિવસમાં એક વાર સફાઈ કરવાની રહેશે.

પખવાડીક:

**a)** ટ્યુબલાઈટ, પંખાઓ, અન્ય ફિક્ષરર્સ, પાણીના તમામ ટાંકાઓ, બિલ્ડીંગની અગાસીની સફાઈ

**b)** સંચાલકશ્રી સુચવે તે મુજબની અન્ય સફાઈ

**8.** કોન્ટ્રાક્ટરે સફાઈની કામગીરી માટે ઉપયોગમાં લેવામાં આવતી જરૂરી તમામ પ્રકારની સાધન સામગ્રી જેવી કે એસીડ, ફીનાઈલ, ટાઈલ્સ ક્લીનર, ક્લીનીંગ મટીરીયલ, ગ્લાસ ક્લીનર, સાવરણી, સાવરણા, કોટન વેસ્ટ, મોપ, પાવડા, પાવડી, તગારા, બકડીયા, ત્રિકમ, લોખંડના વાળા, ગમબુટ, નાડા, પરાઈ, વાંસ વિગેરે તેમજ ઉંચા ટેબલ, સીડીઓ, ઘોડા, ઝુલા વિગેરે જરૂરીયાત મુજબ સ્વખર્ચે વસાવવાના રહેશે.

**9.** ઓડીટોરીયમ ખાતે ફ્લોરીંગ પડદા વિ.ની સફાઈ વેક્યુમ ક્લીનીંગ મશીનથી કરવાની રહેશે. આ કામે સ્ટાન્ડર્ડ કંપનીના વેક્યુમ મશીન કોન્ટ્રાક્ટરે સ્વખર્ચે વસાવવાના રહેશે.

**10.** કોન્ટ્રાક્ટની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી ૦૨ (બે) વર્ષ સુધીની રહેશે. પરંતુ કોર્પોરેશન દ્વારા સુચવ્યે, મુદ્દત પુરી થયે જયાં સુધી બીજો કોન્ટ્રાકટ ન આપવામાં આવે અથવા વધુ ૦૬ (છ) માસ સુધી બે માંથી જે વહેલુ હોય તે સમય માટે કોન્ટ્રાકટરશ્રીએ મંજુર થયેલ ભાવથી સફાઇની કામગીરી ચાલુ રાખવાની રહેશે.

**11.** આ કામ સૌથી નીચો ભાવ ભરનાર ટેન્ડરર **(L1)** ને આપવામાં આવશે. તથા એક કરતા વધુ **L1**ના કિસ્સામાં નીચે મુજબ માર્કીંગ અનુસાર **L1** નક્કી કરવામાં આવશે આ કિસ્સામાં પણ એકસમાન માર્કિંગ સમયે ડ્રો કરી બીડર નક્કી કરવામાં આવશે જે નિર્ણય તમામ બીડરે ગ્રાહ્ય રાખવાનો રહેશે અને તે બાબતે કોઇ પણ વિવાદ ઉભો કરી શકાશે નહિ.

“એનેક્ષર-અ”

| **Sr.no** | **criteria** | | | | | | Total marks |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Total years of experience in housekeeping services (Each years of experience get 2marks ) | Max 20 marks | | | | | 20 |
| 2 | Average annual turnover in last 7 years in the business of providing housekeeping service (amount will be rounded to the nearest full number)(Each corers of turnover will get 0.5 marks ) | Max 20 marks | | | | | 20 |
| 3 | Average annual turnover in last 7 years in the business of providing manpower service (amount will be rounded to the nearest full number)(Each corers of turnover will get 0.5 marks ) | Max 10 marks | | | | | 10 |
| 4 | On hand cleaning housekeeping contracts (01 marks on each contract) | Below 5 | 5 to 10 | 11 to 15 | 16 to 20 | Above 20 | 05 |
| | | 01 | 02 | 03 | 04 | 05 | |
| 5 | Average annual number of housekeeping contract completed(minimum manpower 32) satisfactorily in during last 7 years in government organization (0.5 mark for each completed housekeeping contract) | Max 15 marks | | | | | 15 |
| 6 | Total number of manpower in single contract (determined from 9A EPF & 5 return of contribution to ESI)provided by the firm (Minimum 80 person ) | Below 81 | 81 to 160 | 161 to 320 | 321 to 640 | Above 640 | 25 |
| | | 05 | 05 | 10 | 15 | 25 | |
| 7 | Local Office in within area of Rajkot municipal corporation | 05 marks | | | | | 05 |
| | | | | | | Total marks | 100 |

+

**12.** સફાઈની કામગીરી દરમ્યાન કોઈપણ કામદારને કે સુપરવાઈઝરી સ્ટાફને કોઈપણ જાતનો અકસ્માત થાય કે જાનહાની થાય તેની તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. રાજકોટ મહાનગરપાલિકા જવાબદારી રહેશે નહી. આમ છતા કોઈપણ વ્યક્તિને ઈજા થાય કે મૃત્યુ થાય અને રાજકોટ મહાનગરપાલિકા ઉપર ક્લેઈમ કે અન્ય કોઈપણ પ્રકારનો કેસ અથવા જવાબદારી નક્કી કરવામાં આવે તો તે ક્લેઈમ કેસની માંગણીની રકમ કોન્ટ્રાક્ટરના બીલમાંથી કપાત કરવામાં આવશે અને ડીપોઝીટ તરીકે જમાં લેવામાં આવશે અને ક્લેઈમ પૂર્ણ થયે તે રકમ જેતે વ્યક્તિને ચૂકવવમાં આવશે. જો રકમ વધશે તો કોન્ટ્રાક્ટરને પરત ચુકવવામાં આવશે અને રકમ ખુટશે તો કોન્ટ્રાક્ટરની સી.ડી.માંથી કપાત કરવામાં આવશે.

13. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લગત સ્થળની કામગીરી માટે ક્યા સ્થળે કેટલા કામદારો મુકવા તેનું શેડ્યુલ નક્કી કરવામાં આવે તે મુજબ કામગીરી કરવાની રહેશે

14. સફાઈ કરી એકઠો થયેલ કચરો રાજકોટ મહાનગરપાલિકા સુચવે તે કચરાપેટી / ટીપરવાનમાં નાંખવાનો રહેશે.

15. સફાઈની કામગીરી કરતા તમામ સ્ત્રી / પુરુષ કામદારોને મહાનગરપાલિકા દ્વારા સુચવવામાં આવે તે મુજબના એપ્રન આપવાના રહેશે.

16. કોન્ટ્રાક્ટરે આ કામે રાખેલ કામદારોએ દરરોજ સવારે જે-તે હોલ / ઓડીટોરીયમ ખાતે હાજર રહેવાનું રહેશે. અડધા દિવસની કામગીરીમાં ૨(બે) હાજરીમાં એપ્રન સાથે હાજર રાખવાના રહેશે. કોન્ટ્રાક્ટરે નિમણુંક કરેલ કામદારોને એપ્રન આપવાનો રહેશે.અડધા દિવસની કામગીરીના ૨ (બે) હાજરીમાંથી કોઈપણ એક હાજરીમાં ગેરહાજર રહેલ કામદારની ગેરહાજરી ગણવમાં આવશે અને ગેરહાજરી સબબની નિયમ મુજબની પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે.

17. બીલના પેમેન્ટ માટે દર માસે કોન્ટ્રાક્ટરે બીલ સ્વરૂપે માંગણી કરવાની રહેશે. બીલની માંગણી સાથે ટેન્ડરની શરતો મુજબ સંતોષકારક કામગીરી કરેલ છે તે અંગેનું સંબંધિત હોલ સંચાલકનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. તેમજ અગાઉના માસનું કામદારોને કરેલ પેમેન્ટ ચુકવણી પત્રક સાથે રજુ કરવાનું રહેશે ત્યારબાદ પેમેન્ટ આપવામાં આવશે.

18. મહાનગરપાલિકાના અધિકૃત કર્મચારી-અધિકારી દ્વારા સફાઈની કામગીરીનું દૈનિક સુપરવિઝન કરવામાં આવશે તેમાં કોન્ટ્રાક્ટરની કામગીરી સંતોષકારક નહી જણાય અને કામગીરીમાં ગેરરીતિ કરતા હોવાનું કે મહાનગરપાલિકાનું આર્થિક હીત જોખમાઈ તેવુ કૃત્ય કરતા હોવાનું માલુમ પડશે તો મહાનગરપાલિકા દ્વારા કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર કોન્ટ્રાક્ટ રદ્દ કરી રાજકોટ મહાનગરપાલિકાના કોઈપણ કામ માટે ડીબાર કરી શકાશે અને કોન્ટ્રાક્ટર દ્વારા ભરવામાં આવેલ સી.ડી.ની રકમ જપ્ત કરવામાં આવશે.

19. સફાઈની કામગીરીમાં વિલંબ કે વિક્ષેપ ન થાય તે પણ જરૂરી છે. આ બાબતે કોન્ટ્રાક્ટરે રોજબરોજના સંદેશાવ્યવહાર માટે મોબાઈલ ફોન સ્વખર્ચે વસાવવાનો રહેશે.

20. કોન્ટ્રાક્ટર દ્વારા સફાઈની કામગીરી માટે રાખવામાં આવેલ કામદારોને રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારી તરીકે ગણવામાં આવશે નહી. તેઓ મહાનગરપાલિકામાં નોકરી મેળવવા માટે હક્ક-દાવો કરી શકશે નહી. કોન્ટ્રાક્ટર દ્વારા રાખવામાં આવેલ માણસો પક્ષો ઉત્પન્ન થતી તમામ પ્રકારની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે આ અંગે રાજકોટ મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી. કોન્ટ્રાક્ટરના કામદારોની કોઈપણ પ્રકારની નિષ્કાળજી કે અણઆવડત કે બેજવાબદારી ભરી કામગીરીના કારણે રાજકોટ મહાનગરપાલિકાને આર્થિક કે કોઈ પ્રકારનું નુકશાન થશે કે જશે કે અન્ય કોઇને કોઈપણ નુકશાનનું કોઈપણ પ્રકારનું વળતર ચુકવવાનું થશે તે વળતરની તમામ પ્રકારની તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે, જે રકમ કોન્ટ્રાક્ટરના બીલમાંથી કપાત કરવામાં આવશે. સદરહુ બાબતે કોન્ટ્રાક્ટર કોઈપણ પ્રકારનો હક્ક, દાવો કે તકરાર કરી શકશે નહે.

21. રાજકોટ મહાનગરપાલિકા સુચવે તે મુજબના કામના નજીકના સ્થળે તમામ કામદારોનું ફેસ-ડીટેક્શન મશીનમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને કામદારોની હાજરી ફરજીયાત ફેસ ડીટેક્શન મશીનમાં જ પુરવાની રહેશે.

22. કોન્ટ્રાક્ટરે તેમના કામદારોના બેંક એકાઉન્ટ કોન્ટ્રાકટરશ્રી અથવા કામદારોના ખર્ચે ખોલવાના રહેશે અને આ ખાતામાં જ કામદારોનો પગાર જમા કરાવવાનો રહેશે. તેમા કોન્ટ્રાકટરશ્રી દ્વારા સહકાર ન આપવા આવ્યે જરૂર જણાયે કોન્ટ્રાકટ રદ્દ કરી ડીબાર કરવામાં આવશે અને સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

23. હોલ / ઓડીટોરીયમ ખાતે કોઈ પ્રસંગ / કાર્યક્રમ નહી હોય તો દર સોમવારે વીકલી ઓફ આપવામાં આવશે. જો સોમવારે કોઈ પ્રસંગ / કાર્યક્રમ હશે તો, પ્રસંગ / કાર્યક્રમ નહી હોય તેવા તરત પછીના દિવસે વીકલી ઓફ આપવામાં આવશે. જાહેર રજાના કિસ્સામાં પણ આ પ્રકારે કોઈ પ્રસંગ / કાર્યક્રમ હશે તો, પ્રસંગ / કાર્યક્રમ નહી હોય તેવા તરત પછીના દિવસે જાહેર રજાનો ઓફ આપવામાં આવશે.

24. કોન્ટ્રાક્ટની મુદ્દત દરમ્યાન સરકારશ્રીના વખતોવખતના નિયમો મુજબ ભરવાનો થતો પી.એફ. / ઈ.એસ.આઈ.નો માલિક (નોકરીદાતા)નો ફાળો જે તે કોન્ટ્રાક્ટરે પ્રવર્તમાન ધોરણોં અનુસાર લગત કચેરીમાં નિયમીતપણે જમા કરાવવાનો રહેશે. આ કામે દર માસના પી.એફ., ઇ.એસ.આઈ., પ્રોફેશન ટેક્ષ તથા જી.એસ.ટી.ના ચલણો બે કોપીમાં સેલ્ફ એટેસ્ટેડ સહી સિક્કા સાથેના રજુ કરવાના રહેશે. આ કામે મંજુર થયેલ ભાવની ઉપર પ્રવર્તમાન દર મુજબની જી.એસ.ટી. (લાગુ પડતો હોય તો)ની રકમ અલગથી ચુકવવામાં આવશે. જી.એસ.ટી.નું ચલણ બીજા માસના બીલ સાથે રજુ કરવાનું રહેશે. જો ચલણ રજુ કરવામાં નહી આવે તો જરૂર જણાયે આગળના માસમાં આપવામાં આવેલ સર્વિસ ટેક્ષની રકમ બીજા માસના બીલમાંથી કપાત કરવામાં આવશે.

25. પી.એફ., ઈ.એસ.આઈ.નો માલિક (નોકરીદાતા)નો ફાળો, બોનસ તેમજ મીનીમમ વેઈજીસના ધોરણોંમાં સરકારશ્રી દ્વારા જે કંઈપણ વખતોવખત વધારો-ઘટાડો કરવામાં આવે તે મુજબ બીલની રકમમાં થતા તફાવતની રકમ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચુકવવામાં આવશે અથવા કપાત કરવામાં આવશે. નિયમોનુસાર ચુકવવાપાત્ર બોનસ કોન્ટ્રાક્ટરે તેઓના કામદારોને તેઓના બેંક અકાઉન્ટમાં ચુકવવાનું રહેશે. આ બોનસ ચુકવણું પત્રક તથા આધાર રાજકોટ મહાનગરપાલિકામાં રજુ કર્યેથી બોનસની રકમનું પેમેન્ટ કરવામાં આવશે. સદરહુ બાબતે સરકારી કચેરી કે કામદાર દ્વારા કોઈપણ પ્રકારનો દાવો કરવામાં આવશે અને રાજકોટ મહાનારપાલિકાને પક્ષકાર તરીકે જોડવામાં આવશે તો દાવાની રકમ કોન્ટ્રાક્ટરના બીલમાંથી ડીપોઝીટ તરીકે કપાત કરી જમા રાખવામાં આવશે અને દાવો પૂર્ણ થયે ભરપાવાની થતી રકમ ભરપાઈ કરી વધતી રકમ પરત કરવામાં આવશે.

26. આ કામ સંબંધે કોઈ શરતોનો સમાવેશ થતો ન હોય અથવા સમય અનુસાર કે ચાલુ કામે કોઈ આવી શરતો બાબતે પ્રશ્ન ઉપસ્થિત થાય તો રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ અને સર્વે કોન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.તથા વિવાદ માટેનું ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.

27. સંજોગોવશાત જરૂરીયાત ઉપસ્થિત થાય તો રાજકોટ મહાનગરપાલિકા કોન્ટ્રાક્ટની મુદ્દત દરમ્યાન સમગ્ર કોન્ટ્રાક્ટ રદ્દ કરી શકશે અથવા જરૂરીયાત મુજબ કામદારોની સંખ્યામાં ઘટાડો કરી શકશે.

28. સામાન્ય સંજોગોમાં ઉક્ત સુચવ્યા મુજબના સ્થળોએ જે કામગીરી કરવાની રહેશે પરંતુ ખાસ કિસ્સામાં કે આકસ્મિક સંજોગોમાં મેનેજર (એસ્ટેટ)ની સુચના અનુસાર નિયત સ્થળ સિવાયના અન્ય સ્થળે કામગીરી માટે કહેવામાં આવે તો કોન્ટ્રાક્ટરે તે મુજબ કામગીરી કરી આપવાની રહેશે.

29. આ કામે ભાવ મંજુર થયાની જાણ થયા બાદ દિન-૧૦માં સિક્યુરીટી ડીપોઝીટની પેટે કુલ કામની રકમના ૫% મુજબની રકમ રાજકોટ મહાનગરપાલિકામાં ભરપાઈ કરી તેની પહોંચ અથવા નેશનલાઈઝ્ડ બેંક / શેડ્યુલ્ડ બેંકની ફીક્સ ડીપોઝીટની રસીદ અથવા બેંક ગેરેંટી કઢાવી એસ્ટેટ વિભાગમાં રજુ કરી, ધોરણસરના સ્ટેમ્પ

પેપર ઉપર રાજકોટ મહાનગરપાલિકાની તરફેણમાં કરારનામું કરી આપવાનું રહેશે. જે જમાં ન થયે ઇ.એમ.ડી જપ્ત કરી ટેન્ડરર વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**30.** રાજકોટ મહાનગરપાલિકામાં ચાલતા ધોરણો મુજબ તથા વર્તમાન કાળે અમલમાં હોય તેવા નિયમો, પેટા નિયમો, જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓને આધીન રહી આ ટેન્ડર ભરવામાં આવેલ છે તેમ સમજવાનું રહેશે.

**31.** આવેલ ભાવ પૈકી કોઈપણ ભાવ મંજુર/નામંજુર કરવાનો હક્ક રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રીનો અબાધિત રહેશે.

**32.** કોન્ટ્રાક્ટર દ્વારા જે કામદારોને હાઉસકીપીંગના કામે રોકવામાં આવેલ હોય તેના ઓળખના પુરાવા સાથે નામ સરનામા સહિતની યાદી આપવાની રહેશે.

**33.** કોન્ટ્રાક્ટર દ્વારા જે કામદારો આ કામ માટે રાખવામાં આવેલ હોય,તેઓને કોઈપણ સંજોગોમાં લઘુત્તમ વેતનથી ઓછુ વેતન આપી શકશે નહી. અને સરકારશ્રી દ્વારા વખતોવખત જ વેતન સુધારો કરવામાં આવે તે મુજબ વેતન ચુકવવાનું રહેશે. આ અંગેની કોઈપણ પ્રકારની કાયદાકીય તકરાર ઉભી થશે તે બાબતેની તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. તથા નિયમોનુસાર બોનસ ચુકવણું તેમજ પી.એફ., ઈ.એસ.આઈ.નો માલિક (નોકરીદાતા)નો ફાળો, બોનસ વિગેરેની તમામ જવાબદારી એજન્સીની રહેશે.

**34.** આ કામે રાખેલ કામદારો ૧૮ થી ૫૦ વર્ષની વચ્ચેના વયના હોવા જરૂરી છે. કોઈપણ સંજોગોમાં બાળ કામદારો, વૃધ્ધો, અશક્ત, અપંગ કે ચેપી રોગથી પીડાતી વ્યક્તિને કામે રાખી શકાશે નહી.

**35.** કોન્ટ્રાક્ટરે હોલ સંચાલક અને મેનેજર (એસ્ટેટ) દ્વારા વખતો-વખત આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવાનું રહેશે અને સ્થળ મુલાકાત કર્યા બદલ સોગંદનામું રજુ કરવાનું રહેશે.

**36.** સફાઈની કામગીરી દરમ્યાન લાઈટ, પંખા, પડદાઓ, ઝાલર, ફર્નિચર-ફીક્ચર વિગેરે માલ-સામાનને નુકશાન ન થાય તેની કાળજી રાખવાની રહેશે. જો નુકશાન થશે અથવા માલ-સામાન ગુમ થશે તો તે માલની પુરેપૂરી કિંમત કોન્ટ્રાક્ટર પાસેથી વસુલવામાં આવશે.

**37.** કોન્ટ્રાક્ટરે ઓફર આપતા પહેલા ટેન્ડરમાં દર્શાવેલ તમામ સ્થળોની રૂબરૂ મુલાકાત લઈ કામગીરીના સ્થળ અંગે માહિતી મેળવી લેવી.

**38.** આ ટેન્ડરની વેલીડીટી પ્રાઈસ બીડ ખોલ્યાની તારીખથી ૧૨૦ દિવસ સુધીની રહેશે.

**39.** આ કામ વર્ક ઓર્ડર આપવાના ૦૫ દિવસ લેબર લાયસન્સ રજુ કરવાનું રહેશે.

**40.** કોન્ટ્રાકટરશ્રીએ વર્કમેન કોમ્પેનસેશન પોલીસી હેઠળ વીમો ફરજિયાત ઉમેરવાનો રહેશે.

**41.** ટેન્ડર માટે જોઇન્ટ વેન્ચર કરી શકાશે નહિ. આવુ ટેન્ડર હશે તો આપોઆપ રદ્દ ગણાશે.

**42.** કોન્ટ્રાકટરશ્રીએ Manual Scavengers and their Rehabilitation Act, 2013 નું પાલન કરવાનું રહેશે. તેમજ કોઇપણ પ્રકારનો અકસ્માત થયેથી તેના કામદારોને વળતર ચુકવવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

**43.** વર્ક ઓર્ડરના ૩૦ દિવસની અંદર રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારમાં ઓફીસ ખોલવાની રહેશે.

**<u>પેનલ્ટીની શરતો :</u>**

**44.** કોન્ટ્રાક્ટરે ફાળવવાના થતા પાર્ટ ટાઈમ સફાઈ કામદારો કરતા જે માસમાં ઓછા પાર્ટ ટાઈમ સફાઈ કામદારો ફાળવેલ હશે તો પ્રતિ ઓછા પાર્ટ ટાઈમ કામદાર માટે , પ્રથમ વખતથી રૂ.૭૫/- પ્રતિ કામદાર/ પ્રતિ દિન લેખે પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે. બીજા વખતથી રૂ.૧૫૦/-પ્રતિ કામદાર/પ્રતિ દિન લેખે પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે.એમ તમામ ઉપરોક્ત કિસ્સામાં ઉત્તરોત્તર ડબલ પેનલ્ટી

વસુલવામાં આવશે.જરૂર જણાંયે કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ રદ કરી રાજકોટ મહાનગરપાલિકાના કોઈપણ કામ માટે ડીબર કરવામાં આવશે.

**45.** કોન્ટ્રાકટરે તમામ કોમ્યુનિટી હોલ તથા ઓડિટોરિયમની સફાઇ કામગીરીના સંકલન અર્થે ઝોન દીઠ 01 એમ કુલ 03 અલાયદા સુપરવાઇઝર રાખવાના રહેશે. જેને પ્રત્યેક કોમ્યુનિટી હોલ તથા પ્રત્યેક ઓડિટોરિયમ ખાતેના સફાઇ કામદારોની કામગીરીનું રેગ્યુલર સુપરવિઝન કરવાનું રહેશે. અઠવાડિયા દરમિયાન મીનીમમ 03 વખત સુપરવિઝન ન થયે રૂ.૧,000/- પ્રતિ સુવિધા/ પ્રતિ વીક લેખે પેનલ્ટી કરવામાં આવશે.

**46.** એસ્ટેટ વિભાગના સંબંધિત કર્મચારી-અધિકારી દ્વારા મોબાઈલ પર સુપરવાઇઝર/ કોન્ટ્રાકટરનો કોન્ટેકટ કરવામાં આવે અને મોબાઈલ રીસીવ ન કરવામાં આવે તથા આપવામાં આવેલ સુચનાનો અમલ ન કરવામાં આવે તો કર્મચારીની લેખિત ફરીયાદના આધારે સહાયક કમિશનર (એસ્ટેટ) શ્રી દ્વારા કોન્ટ્રાક્ટરને રૂ.૫00/-નો દંડ કરવામાં આવશે.

**47.** કોન્ટ્રાક્ટર દ્વારા આ કામે રાખેલ કામદારોએ એપ્રન/માસ્ક/ગ્લોઝ પહેરેલ નહી હોય તો આવા પ્રતિ કામદાર દીઠ પ્રતિ દિવસના રૂ.૨૫/- લેખે પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે.

**48.** આકસ્મિક સંજોગોમાં જરૂર પડ્યે રાત્રે કામગીરી ચાલુ રાખવાનું કહેવામાં આવે તો કામગીરી ચાલુ રાખવાની રહેશે. આ કામે મંજુર થયેલ ભાવ મુજબ ચુકવણું કરવામાં આવશે. આ કામગીરી કરવાનો કોન્ટ્રાક્ટર દ્વારા ઈનકાર કરવામાં આવશે તો રૂ.૧૦,000/- પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે.

**49.** કોન્ટ્રાક્ટરે તેના કામદારોને નિયમિતપણે પેમેન્ટ ચુકવી આપવાનું રહેશે. કોન્ટ્રાક્ટર દ્વારા તેમના કામદારોને નિયમિત પેમેન્ટ આપવામાં ન આવે અને આ કારણોસર જો કામદારો દ્વારા હડતાલ પાડવામાં આવે અને અથવા સફાઈની કામગીરી બંધ રહેશે તો ટેન્ડરની શરત નં.૪૨ મુજબ પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે અને અવારનવાર આવુ બનવા પામશે તો જરૂર જણાયે કોન્ટ્રાક્ટ રદ કરી કોન્ટ્રાક્ટરને બ્લેકલીસ્ટ કરવામાં આવશે અને સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**50.** કોન્ટ્રાક્ટર દ્વારા અન્ય કોઈ કોન્ટ્રાક્ટરને પેટામાં આ કોન્ટ્રાક્ટ આપી શકાશે નહી અને જો પેટામાં આપ્યાનું માલુમ પડશે તો કોન્ટ્રાકટ રદ્દ કરવામાં આવશે અને જરૂર જણાયે કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટમાં પણ મુકવામાં આવશે.

**<u>ટેન્ડર ભરવા માટેની લાયકાતો :</u>**

1. આ કામની અંદાજીત દ્વિવાર્ષિક કુલ રકમ રૂ.૨૦૧ લાખ જેટલી છે. જેથી ટેન્ડરરે રૂ. ૪૦.૨૦ લાખ કે તેથી વધુની રકમનું એક કામ છેલ્લા ૦૭ વર્ષમાં પુર્ણ કરેલ હોવા જોઈએ. જેના આધાર-પુરાવા રજુ કરવાના રહેશે.
2. છેલ્લા સાત નાણાંકીય વર્ષમાં દરમીયાન કોઇપણ એક નાણાકિય વર્ષમાં ઓછામાં ઓછુ રૂ.૧૦૦.૫૦ લાખનું એન્યુઅલ ટર્નઓવર ધરાવતા હોવા જોઈએ. આ અંગે પુરાવા તરીકે સી.એ.નું સર્ટી. રજુ કરવાનું રહેશે.આખરી વર્ષ નાણાકિય વર્ષ ૨૦૨૩-૨૪ ગણવામાં આવશે.
3. ટેન્ડર ફી રૂ.૪,૫00/- નો રાજકોટ મહાનગરપાલિકા જોગનો ડીમાન્ડ ડ્રાફટ રજુ કરવાનો રહેશે.
4. ઈ.એમ.ડી. રૂ.૨,૦૧,000/- ની બેંક ગેરેન્ટી રજુ કરવાની રહેશે
5. પી.એફ. નંબર સર્ટીફીકેટ સામેલ રાખવાનું રહેશે.
6. ઈ.એસ.આઈ.સી નંબર સર્ટીફીકેટ સામેલ રાખવાનું રહેશે.
7. બાંહેધરી (રૂા. ૩00/- ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝડ) આપેલ બાહેંધરી ખોટી હોવાનું માલુમ પડશે તો નિયમોનુસારની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

8. નાણાકિય વર્ષ ૨૦૨૪-૨૫ નો **PEC** કેટેગરીનો વ્યવસાય વેરો ભર્યાની નકલ
9. ટેન્ડરર મીનીમમ **B** ક્લાસ ગવર્મેન્ટ રજીસ્ટ્રેશન ક્લાસ ધરાવતા હોવા જોઇએ અથવા રજીસ્ટર્ડ સેનેટરી માર્ટ સહકારી મંડળી લી. હોવી જોઇએ.

**ટેકનીકલ બીડ સાથે જોડવાના ડોકયુમેન્ટસની વિગત :**

| ક્રમ | ડોકયુમેન્ટસની વિગત | પ્રકાર |
|---|---|---|
| 1 | સહી કરેલ ટેન્ડર ડોકયુમેન્ટ | ફરજિયાત |
| 2 | ટેન્ડરર મીનીમમ **B** ક્લાસ ગવર્મેન્ટ રજીસ્ટ્રેશન ક્લાસ ધરાવતા હોવા જોઇએ અથવા રજીસ્ટર્ડ સેનેટરી માર્ટ સહકારી મંડળી લી. ની નકલ | ફરજિયાત |
| 3 | ટેન્ડરરે રૂ ૪૦.૨૦ લાખ કે તેથી વધુની રકમનું એક કામ છેલ્લા ૦૭ વર્ષમાં પુર્ણ કરેલ હોવા અંગેના આધારની નકલ | ફરજિયાત |
| 4 | છેલ્લા સાત નાણાંકીય વર્ષ દરમીયાન કોઇપણ એક નાણાકિય વર્ષમાં ઓછામાં ઓછુ રૂ.૧૦૦.૫૦ લાખનું એન્યુઅલ ટર્નઓવર ધરાવતા હોવા અંગે પુરાવા તરીકે સી.એ.નું સર્ટી. (આખરી વર્ષ નાણાકિય વર્ષ ૨૦૨૩-૨૪ ગણવામાં આવશે) | ફરજિયાત |
| 5 | ટેન્ડર ફી રૂ.૪,૫૦૦/- નો રાજકોટ મહાનગરપાલિકા જોગનો ડીમાન્ડ ડ્રાફ્ટ | ફરજિયાત |
| 6 | ઈ.એમ.ડી. રૂ.૨,૦૧,૦૦૦/- ની બેંક ગેરેન્ટી રજુ કરવાની રહેશે | ફરજિયાત |
| 7 | પી.એફ. સર્ટીફીકેટની નકલ | ફરજિયાત |
| 8 | ઈ.એસ.આઈ.સી સર્ટીફીકેટ નકલ | ફરજિયાત |
| 9 | બાંહેધરી (રૂા. ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝડ) | ફરજિયાત |
| 10 | પાન કાર્ડની નકલ | ફરજિયાત |
| 11 | નાણાકિય વર્ષ ૨૦૨૪-૨૫ નો PEC કેટેગરીનો વ્યવસાય વેરો ભર્યાની નકલ | ફરજિયાત |
| 12 | “એનેક્ષર-અ” મુજબના ડોક્યુમેન્ટ | જો લાગુ પડતુ હોય તો |
| 13 | ભાગીદારી પેઢીના કિસ્સામાં ભાગીદારી ડીડની નકલ | જો લાગુ પડતુ હોય તો |
| 14 | કંપનીના કિસ્સામાં મેમોરેન્ડમની નકલ | જો લાગુ પડતુ હોય તો |
| 15 | ઓથોરીટી લેટરની નકલ | જો લાગુ પડતુ હોય તો |

૧.ઉપરોકત ડોકયુમેન્ટ સાથેનું ટેકનીકલ બીડ નિયત દર્શાવેલ સમય મર્યાદામાં રાજકોટ મહાનગરપાલિકા એસ્ટેટ શાખા, રૂમ નં ૧૦ , ત્રીજો માળ, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ ખાતે રજીસ્ટર્ડ એડી. અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવાનું રહેશે. કવર પર “**Technical Bid for Providing man power for Housekeeping services at Auditoriums & Community Halls of Rajkot Municipal Corporation**” એમ સ્પષ્ટ લખવાનુ રહેશે.

૨. પ્રાઇસ બીડ/ફાઇનાન્સીયલ બીડ માત્ર અને માત્ર www.nprocure.com પર ભરવાનું રહેશે. જે ટેન્ડરરના ટેકનીકલ બીડ કવોલીફાય થશે તેના જ પ્રાઇસબીડ ઓપન કરવામાં આવશે

**Sd/-**
નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

## રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના કોમ્યુનિટી હોલ તથા ઓડિટોરિયમ ખાતે સફાઇ કામગીરી માટે મેન પાવર પુરો પાડવાના કામનું ફાયનાન્સીયલ બીડ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા માંગણી મુજબ પુરા પાડેલ મેનપાવર સંબંધે એજન્સીને [લઘુતમ વેતન કાયદા અન્વયે નિયત કરાયેલ વેતન + પી.એફ. એકટ મુજબ એમ્પ્લોયરે ચુકવવાનો થતો ફાળો + ઇ.એસ.આઇ એકટ મુજબ એમ્પ્લોયરે ચુકવવાનો થતો ફાળો + કેન્દ્ર અને રાજય સરકારના ટેકસ (જી.એસ.ટી) વખતો વખત ફેરફાર મુજબ + બોનસની રકમ + બીડ ડોકયુમેન્ટની શરતો મુજબ મંજુર કરેલ સર્વિસ ચાર્જ ]રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચુકવવામાં આવશે. ટેન્ડરર દ્વારા ફકત સર્વિસ ચાર્જ જ ટકાવારીમાં ફાયનાન્સીયલ બીડમાં નીચે મુજબ જણાવવાના રહેશે.

| વિગત | સર્વિસ ચાર્જની ટકાવારી |
|---|---|
| રાજકોટ મહાનગરપાલિકા એસ્ટેટ શાખા હસ્તકના કોમ્યુનિટી હોલ તથા ઓડિટોરિયમ ખાતે સફાઇ કામગીરી માટે પાર્ટ ટાઇમ સફાઇ કામદારો મારફતે સફાઇ કામગીરી માટે પાર્ટ ટાઇમ સફાઇ કામદારના દૈનિક વેતનની રકમ ઉપર એજન્સીને ચુકવવાના થતા સર્વિસ ચાર્જની ટકાવારી | To be filled online only on www.nprocure.com (ભાવ ભરનાર એજન્સીએ સર્વિસ ચાર્જની ટકાવારીનો ભાવ ઓનલાઇન ભરવાના રહેશે.) |

### હાઉસકીપીંગ કામના ટેન્ડરનું ભાવપત્રક
### (ફક્ત નમુના માટે આપેલ છે. કુલ રકમ ઇ-ટેન્ડરમાં ક્વોટ કરવાની રહેશે.)

| | વિગત | રકમ રૂ. પ્રતિ કામદાર પ્રતિ દિવસ |
|---|---|---|
| ૧ | મીનીમમ વેજીસ મુજબનું રોજ (બિન કુશળ-પાર્ટ ટાઈમ) | ૨૪૩.૫ |
| ૨ | પી.એફ. (૧૩.૬૧%) | ૩૩.૧૪ |
| ૩ | ઈ.એસ.આઈ. (૩.૨૫%) | ૭.૯૧ |
| ૪ | બોનસ (૮.૩૩%) | ૨૦.૨૮ |
| ૫ | સાધન સામગ્રી અને સુપરવિઝન | ૧૦ |
| ૬ | ૩.૮૫% મુજબ સર્વિસ ચાર્જ રૂ.૨૪૩.૫૦ ઉપર | ૧૨.૧૨ |
| | ક્રમ ૧ થી ૬ નો સરવાળો | ૩૨૬.૯૫ |
| ૭ | નફો...... | |
| ૮ | કુલ રકમ (આંકડામાં) | |
| ૯ | કુલ રકમ (શબ્દોમાં) | |

નોંધ :

1. ઉપરોક્ત મંજુર થયેલ ભાવની ઉપર પ્રવર્તમાન દર મુજબનો જી.એસ.ટી. અલગથી આપવામાં આવશે.
2. ભાવ ભરનાર એજન્સીએ સર્વિસ ચાર્જની ટકાવારીનો ભાવ ઓનલાઇન ભરવાના રહેશે.
3. તમામ ડોક્યુમેન્ટ ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.